શ્રી પરમાત્મને નમઃ

દમયતી સ્વયંવર નાટકનાં

ગાયનો.

બનાવનાર.

કીરપાશંકર કાસીરામ પાઠક.

છપાવી પ્રસીધ્ધ કરનાર.

જેશંકર સાંકળેશ્વર પાઠક.

આવૃતી ૧ લી. પ્રત. ૧૦૦૦

અમદાવાદ

સિવિલ હોસ્પિતાલ સામે પાનાભાઈની વાડીના
મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં હરજીવનદાસ
બેકુણદાસે છાપ્યા.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કીંમત રૂ. ૦—૨—૦

५८८२

દમયંતી સ્વયંવર નાટકના ગાયનોની પ્રવેશવાર હકીકત.

અંક પહેલો.

ઇશ્વર પ્રાર્થના.

૧ સુરસેનનું રાજ તજી વનવાસ જવું.

૨ નળને રાજ્યાસન સોંપી દેઇ રાજ્યા ભીષેક.

૩ નારદ મુનીનું નળરાજાની કચેરીમાં આવવું.

૪ નળનું મૃગયા રમવા જવું.

૫ દમયંતી સાંભળી શોકાતુર થઇ વન જોવાને ફરવું.

૬ હંસને માનસરોવર જોઇને હંસને ભાળવું.

૭ હંસને પકડી પોતાને મહેલ પધારવું.

અંક બીજો.

૧ દમયંતી સાહેલીઓ સાથે ઉપવનની શોભા જોતા ફરે છે. ત્યાં શશિ નીશામા વિશે સાહેલીને કહી સંભળાવે છે. તથા બાગની શોભા વીશે.

૨ હંસનું બાગમાં આવવું દમયંતીનું હંસને ઝાલવું.

૩ હંસનું નળરાયનું વખાણ કરવું.

૪ દમયંતીને કોલ દઇ નળરાય પાસે જવું,

૫ દમયંતીની પત્રીકા.

૬ દમયંતીને વિરહ રૂપી જ્વર આવવો.

૭ વજાવતિનું દમયંતી પાસે આવી કારણ પુછવું.

૮ દમયંતીનું ગાયન રૂપે સમજાવવું રાણીનું ભીમક પાસે જઇ

સ્વયંવર વીશે તૈયારી કરાવવી તથા આમંત્રણ સર્વ દેશોના રાજાને લખાવવા.

૯ નારદનું ઇન્દ્ર પાસે જઇ દમયંતી વિશે નળ પાસે જઇ માગુ મોકલાવવું.

૧૦ ઇંદ્રને સર્વ દેવતાનું બ્રહ્મણ રૂપે નળ રાજાની કચેરીમાં આવવું

૧૧ નળ રાજાનું જોગી રૂપે દુત થઇને દમયંતીના મહેલમાં જવું

૧૨ મણીબાને કજોડું થવાથી વિલાપને કેવું દુઃખ તે વીસે ફારસ.

અંક ત્રીજો.

૧ નળને દમયંતીનું ક્યાંથી આવ્યો છે તે વિશે પુછવું.

૨ નળનું દુતલ કરવું ને જોગીને ભોગની નહિ આશા એ વિશે.

૩ નળનું ઓળખાઇ જવું તેથી તરત જવું. દમયંતીનું મુર્છા ખાઇ પડવું.

૪ દમયંતીનું નળને મનાવવું.

૫ સ્વયંવર રચાયો તેમાં સર્વ રાજાનું પાળવું નળને પાંચ દેવતાનું નળના રૂપે આવવું દમયંતીનું બાવરૂ બનવું.

૬ નારદનું ઇન્દ્રાણી તથા બીજીને લઇને આવવું સર્વનું પાછું જવું (નળને વરદાન

૭ નળ રાજાનું પરણવું કંઠે પુષ્પ હાર પહેરાવે છે.

૮ સર્વનો દર્પ દમયંતી નળનું ગાયન.

૯ વારાંગનાનો નાચ નળનું રાજ્ય તરફ જવું.

૧૦ સર્વ પાત્રો સાથે ઇશ્વર પ્રાર્થના. ખેલ સમાપ્ત.

નાટકના પાત્રો.

સુરસેન	...	...	...નૈષધ નગરીનો રાજા
નળ	...	...	...તેનો પુત્ર.
પુષ્કળ	...	...	...નળનો ભાઇને પ્રધાન.
નારદ	...	...	...બ્રહ્માનો પુત્ર.
મણીબા	...	...	...હીરાલાલની સ્ત્રી
ઇંદ્ર	...	...	...ઇંદ્રપુરીનો રાજા
ભીમક	...	...	...કુન્દનપુરનો રાજા
દમયંતી	...	...	...નળની સ્ત્રી
વજાવતિ	...	...	...ભીમકની સ્ત્રી
માધવી કેશણી	}	...	...દમયંતીની સાહેલીઓ

૬૫૮૨

દમયંતી સ્વયંવર નાટકના ગાયનો.

સર્વે પાત્રો— ૧ પ્રાર્થના

હર, હર, હર, હર, શીવ શંકરા;
કૈલાસ વાશી સુખરાશી જય ઇશ્વરા. હર.
કંઠે શેષ બાલચંદ્ર ગંગ શીશ ધરા;
કામ મારક જગત તારક તુ છે સુંન્દરા. હર.
ભક્તોની તું પુરજે આશા હે દુઃખ હરા;
નાવ આ ઉતાર પાર તું દાનેશ્વરા. હર,

સુરસેન:— ૨.

આહા શું અકળ લીલા જગદીસે જગ માંહી પસારી;
માયા મમતા મદ મહિ સર્વે તે બનાવ્યો અધિકારી. આહા?
દેખે ન દ્વાર મુક્તિ તણું તેથી જ્યાં ત્યાં અથડાઈ પડે;
રહ્યો હું પણ તેમાં રાચી પ્રેમ બંધન અહિંઆં નડે. આહા?
સોંપી સૌ નળને વૈભવો જગ ઉપાધીથી મુક્ત થાઉ,
સેવી અવીચળ રાજ્ય અરણ્યનું પ્રભુ તણા ગુણ ગાઉ; આહા?

સુરસેન— ૩

શીર રાજ મુગટ લે પ્યારા, (૨)
પ્યારા, મારા, થાશો હવે ન્યારા; શીર.
પ્રેમ ધરીને પાળજે, પ્યારી મુજ પ્રજા,
વૃધ્ધ વચને વર્ત્તજે, લોપીશ નહી માજા; શીર.

રૈયતને પ્રભુ તુલ્ય છે, રાજ્ય ધણીને દેવ,
હરનીશ તું હાજર રહી પુરણ કરજે સેવ; શીર.

નળ— ૪

રાજ્યાસનપર બેસી ન્યાય મુગટ મેં શિર ધર્યો ભારી,
કહે સચિવ તુ મારા પ્રજા વર્ગની સુખ દુઃખની રીતી;

પુષ્કર— ૫

પ્રજા પ્યાર સેલો નથીરે મહારાજ; (૨)
શાની વિના એતો બને ન કાજ; પ્રજા.
રાજ્ય ધણીએ સુણવી, રૈયત કેરી દાદ,
પંચ સલાહે વર્તવું, રાખીને મરજાદ; પ્રજા.
રાજ્ય તણા મદમા જઇ, ઘણા કરે અભિમાન,
પ્રજા હીત સુઝે નહી, ગાન તાને ગુલતાન; પ્રજા.

પુષ્કર— ૬

પુણ્ય શ્લોક તમે સુણો, સત્ વચન આપ આગળ જે કહું છું;
અદ્વૈત ન્યાય તમારા જે પુર્ણ પ્રેમથી પ્રજા પ્યાર લહું છું,

વારંગનાઓ— ૭

મોહનીઆ મનાવ નહિરે મોરે સૈયા,
મોહનીઆ —પ્રેમનોઆ— જીઅરીઆ—પ્રીયરીયા. મોહનીઆ.
એકતો બન ગઈ મેં યોગી બેરાગન,
દુજે સીધાવો જંગલીઆ પ્રાન; મોહનીઆ.
ગુનો લગારે મેરા તેરે મુઝે ચૈયા,
નેને ધાયલીઆં ન કીજે મ ારેશ્યામ, મોહનીઆ.

નારદ— ૮

મન માંહી મરડાઇ મરે શું માનવી અરે,
કાળ આવી ઝડપશે ફાંકું શીદ મારી મરે; મનમાંહિ.
કુંપદ ને અહંકાર માંહી તું ભુલ્યો ભમે,
ભાન તુને નહિ જરા, આખર શું બને; મનમાંહિ.
સગાં સંબંધી માત તાત, રાજ કાજ સુખ સાજ;
વળી મીત્રો કે સ્ત્રી પુત્રો નહિ સારશે તુજ કાજ, મનમાંહિ.
સાથે સાહેકારી એક સાચો પોતાનો ધર્મ છે
હરનીશ હરીની સાચી સેવા એજ ઉત્તમ કર્મ છે; મનમાંહિ.

નળ— ૯

દીઠી ન કોઇ આ અવનીમાં મૃગનયની મન હરણી,
જ્યાં જોઉ ત્યાં લાયક નહિ કોઇ મમ સરખી તરૂણી; દીઠી.
કમળ વદની શુંન અવની મળે નહિ કો ચંપક વરણી,
પાણી ગ્રહણ હું કરૂ જગતમાં ચાંત ચોરક મળે જો શ્રરૂણી;

નારદ— ૧૦

વિધિએ લેખ લખીને જેને જગતમાં હવે કરીજ છતી;
પૂરવ પુન્યો કીધાં તેજ પામશે પુર્ણ સુખ દમયંતી;

નળ— ૧૧

અજબ રૂપ આ જગતમાં છે મોહીની ખરે,
મોહીની (૩) વીના અંધકાર છે; અજબ.
મંત્ર આધીન દેવતા મોહીની આધીન સર્વ છે,
માનુની મોહ અજબ ત્યાં રૂપ ગર્વ ફોક છે; અજબ.

રૂપ હોય ધન હોય તોય માનુની ન મોહ,
અજબ અજબ પ્રેમ રીતી મૂર્ખ નહિ સોય; અજબ.
પ્રેમની રીતીની કાંઇ મૂર્ખને નહિ પિછાન;
ચતુરા ચીત ચોરવું તે સેલ સું ખરે; અજબ.

૧૨

સ્વપ્ન મહિ આ દુનિઆ દીવાની, પ્રીયા વિયોગે જીંદગી જવાની,
આકુળ વ્યાકુળ મન આ થાએ, પ્રાણ માહરો જરૂર જાએ,
અંતરની આશા સૌ અંતરમાં રહી જાય છે રે; સ્વપ.
વિરહ રોગ મુજને વળગ્યો છે પ્રિયા વિનાનો વૈદ ક્યાં છે,
એક વિના મુજ જીવ જરૂર આ જાય છે રે. સ્વપ્ને.
ઝટપટ આવી પ્રાણથી પ્યારી, મુને બચાવી લે તું વહાલી,
જીવન દોરી હાથ પ્રીયા તારે રહીરે. સ્વપ.

નળ— ૧૩

અરર લાગ્યો કારી જખમ આ હ્રદય મહિ,
શું કરૂં હું જગત તાત, સુઝ પડે નહિ. અરર.
વિરહ લાય લાગે હાય, શાંન્ત કર હરી,

પ્રધાન— ૧૪

શાનો રૂપ લાગ્યું ભૂપ, તે મરે ઝુરી—અરર.
જાણી બાળ લેજે, બાળ જગત તાત તું;
વિનવું તને વાર વાર, દીન દાસ હું—અરર.

નળ— ૧૫

કામ રાજે કેદ કર્યો છે, પ્રેમ પીંજર માંહ્ય;

પ્રેમી પ્રેમદા વીયોગથી હાં ઉઠે અંગે લાળ, કામ રાજે.
ભમરો ભોગી ભટકી ભટકી, આવે ગુલાબની પાસ;
ભોળી ભમરી ભેટવાની, બાંધી પુરણુ આશ. કામરાજે.

નળ— ૧૬

કામની ધાવ આ લાગ્યો, ચીતમાં હૃદય શાંન્ત નવ થાએ;
અન્ય ઔષધી જગની લગાવો, પણુ નહિ તેહ રૂઝાએ. કામ.
પારધી બાણુ સમ સરરર કરતો, પ્રેમી પંખીને ઉરાડે,
પ્રેમ પાંજરે તરત પુરતાં, મદન બાણુ સમ સારે. કામ.
લાલ સુમત્સને મોહની જાળમાં, ચારો લોભ રસાળ;
લાલચમાં લપટાઇ જોતાં, જીવ ખુવે તતકાળ. કામ.

હંશાં,નળ— ૧૭

નળ કહે હે હંશજ રાજ્ય દ્વાર, તેને હરનીશી પાળુ;
હંશ કહે મહારાજા એકવાર દો જીવતદાન પ્યારૂં.

અંક બીજો.

દમ. સાહે.— ૧૮

શશિ તણી શી સોભા સૈયર, કહું તુજને સુખકારીરે;
અમિ ઝરણુનાં કીરણુ એનાં, વિરહીને દુઃખકારીરે.
અમી ઝરતાં કીરણુ ઘણાં, નાંખ્યા ચારે પાસ;
વીરહ વ્યાકુળ બાળા થઇ, પતિ મળવાની આસ. શશી.
બેસી અટારી સ્વામી સંગે રમતાં આનંદકારીરે;
કામ કટાક્ષે કામણગારો, દે મુજને દુઃખ ભારીરે. શશી.

ઠુમ. સાહે— ૧૯

જોને જોને ખીલેલી આવેલી નીલહાર;
પ્રેમીને આપે છે આનંદ અપાર. જોને.
ઉપવન પ્યારૂ મન હરનારૂ પ્રેમીને લલચાવે છે;
મંદ પવનની લહેરો જાણે, અંતરને અકળાવે છે. જોને.
જાણે સીંચાવું ગુલાબ જળધાર;
કળી કળી ખીલી રહી, ભમર કરે ગુંજાર. જોને.
વિવિધ જાતના પુષ્પોથી બની મદન બજાર;
પુષ્પો ચુંટાવુંને વેણી ગુંથાવું. જોને.
ગુલાલ છંટાવુંને ગજરા ભરાવું,
મદાના બાંણો આ વીંધે અપાર. જોને.

દુહો— ૨૦

આ પ્રેમ બગીચા માંહે, કોકીલ કેરો સ્વર ઘણો પડતો.
લેવા જોબન લહાવો, ભોગી ભમર આ અહિંઆં ભમતો.

ઠુમરીની— ૨૧

આરે ભમર ભમે છે કમળ સુગંધી લેવા,
સમજાવું તોએ સમજે નહિ એ કેવા; આરે ભમર.
જાણુ ઉપવનની મહિં ખીલ્યા સૌ મવા,
આવ્યા સોદાગર રૂપ ધરીએ લેવા; આરે.
આ વસંત વૃક્ષે ખીલી રહી સૌ વેલી,
પણ નાથ વીના હું બની ગઇછુ ઘેલી; આરે.

દુહો— ૨૨

નળરાય કેરૂં વદન પેખી, ઇન્દુ ઝાંખો નભ મહિં;

છે કમળ જેવા હસ્ત જેના, નાસિકા કીર ચંચુ સહિ.
પોયણી સમ પેટ એહતું, વચનો અમૃત વેલ છે,
નિહાળી ભામા ભાન ભુલે, સૃષ્ટી અનળ કરનાર છે;
રૂપે બીજો રતિ નાથ છે મહિલા મદે વરવા ચહે.
લેખે નહિ તે લક્ષ્મીને તો કેમ કરો તારૂ કેણુ લહે.

દમયંતી— ૨૩

મીત્ર જગતમાં તે ખરો, સંકટમાં કરે સહાય;
માટે તું જેમ તેમ કરી, મનાવજે નળરાય.

દમયંતી— ૨૪

આ પ્રેમ પત્રીકા મારી, લેજો હૃદયમાં ધારી,
જીવ વિનાની કાયા જેવી, ચંદ્ર વીનાની ચકોરી તેવી;
દીન દાસી આ આપ તણી પ્રમાણજોરે. આ.
શશિ વિનાની રજની જેવી, ભૂષણ વિનાની ભામા તેવી;
પ્રેમ પત્રીકા હૃદય મહિ સ્વીકારજોરે. આ.
કૃષ્ણ વિનાની ગોપી જેવી, પતિ વિનાની પ્રેમદા તેવી;
વિન્તી મારી અંતર પ્યારા આણજોરે. આ.

૨૫

અરરર લાગી અનંગ અંગ આગ (૨)
નહિ ખમાય, શું થાય, જીવ જાય;
છાનીરે, છાનીરે, લાડીલી મારી હા. અરરર.

દમયંતી— ૨૬

હજાર ઔષધ હું પીઉ પણ નહિ સુખ થનાર;
પ્રેમી ઔષધ જ પ્રિયતમ આપુડો રોગ જનાર,

ભીમવતી— ૨૭

અહો પ્રાણ પ્યારા વિચારો જરી, થઇ યોગ્ય વરવી ખરે પુત્રી મારી.
રચાવો સ્વયંવર તણું શુભ કાજ, લખો પત્રીકા સર્વને શીરતાજ,
ખરે વહાલી સત્ય વચન તારૂં જાણી, મને સુખ આપનારૂં પ્રમાણી;
કરાવું પહેલ વેલું જાઇએ કામ સુખ શાન્તી થાયે પછીથી તમામ.

નળ બ્રાહ્મણ— ૨૮

શુભગ્રી પ્રવર્ત્યા મુજ મેલ ભણી, ધરી કંઠે કુસુમ સૂચીજ ઘણી;
દઉમાન ખરે પ્રભુ તુલ્ય ગણી, શીશ માગે તો હાજર ઘણી છું જ.
કર રાજ ભવો ભવ ભાનુપતિ. તપે તુજ તપ અવની માંહિ અતી;
નહી રોગ દીસે તુજ પુરે સહિ, રહે રહે રાજ્યાસન મુખ શાંન્તી મહિ.
માગો પ્રભુ મુખ તે કરી અહિ નહી જાય વૃથા વચનોજ સહિ;
દમયંતી પ્યારી અમ માગુ કરો, નહિ શોચ જરી દીલ માંહિ ધરો.

અણીબા— ૨૯

તારૂણી બોલે નાનેરૂ બાળ, તેવો મારે આ સ્વામી રસાળ;
ખોળે બેસાડુને હેતે હીંગાડું. તારૂણી.
માતા મનાવે જાણે નીજ લામ, તેવો;
સોળ વરસની સુંદરી, જોબન ભારૂ જાય. તારૂણી.
બોલાવતાં રડતો ઘણો છાનો કેમ રખાય;
માત પીતા નવ કરે વીચાર.
આ શું ચલાવશે ઘર સંસાર. તારૂણી.

દમયંતીનો મેહલ— ૩૦

વાલમ આવી વહાલ વધારી, મોલે પધારી રંગે રમાડો રોજ;
વીરહ તણા અતિ તાપથી યોવન આ ઉભરાય;

ભોગી ભમે વિદેશમાં, મારૂ હ્રદય બળી ખાખ થાય. વાલમ.
વાલમ આરે વિશ્વમાં, અમુલ્યમાં જે અમુલ્ય;
યૌવન રસ જેનો ગયો, તે તો મુરખ તુલ્ય. વાલમ.

દમયંતી નળ— ૩૧

ક્યાંથી ભોગી આવ્યા છો જોગી રૂપ ધરી;
મનહર મુર્ત્તી રહી છે ચીતો ચીત ખડી. ક્યાંથી.
નવેલી વેલી તું પ્રેમે ખીલેલીહી;
અધીરી બની હું સ્વામી વિનાનીહ. ક્યાંથી.
ચાતુરી ભરેલી તું પ્રેમે ઘડેલી,
છબી તમારી આ અંતરે જડેલી. ક્યાંથી.
ભોળા બનેલી તુ હર્ષની ઘેલી;
વાલમજી વૃક્ષની હું બની વેલી. ક્યાંથી.
ચુંબન લ્યો તમે હૈયાના હાર;
ધસી ધસી આવો પાસે આ વાર. ક્યાંથી.

નળ— ૩૨

નથી નથી ભોગ તણી, જોગીને કાંઇ આશા;
જુઠા જુઠા સર્વ લેખુ, જગતના એ તમાશા; નથી.
ચપળ ચક્ષુ તારા વિંધે પ્રેમીને જગતમાં;
ઇન્દ્ર આદી સર્વ તે, વરવા તુને ઇચ્છતા; નથી.

૩૩

નારી કે દેહ પાડુરે, જળ કરૂં જળશાયી;
તો વરૂણ વસે છે જળ માંહી, તે તને તતક્ષણ જાશે સાહી. નારી.
પાવક માંહી દેહ પ્રજાળુ, હું કરૂં જંપા પાત;

વહિ વરતા બેસી રહ્યા છે જોને વિચારી વાત. નારી.
કંઠ પાસ કરૂં વિષ ખાઉં જ્યમ ત્યમ પાડું કાય;
તો અવગતે જમલોકે જઇશ સઘરે જમરાય. ગોપી.
અન્ન શાન વ્રતથી તપ કરૂં, મરૂં ગુફામાં પેશી;
તે પુણ્યે સ્વર્ગ લોકમાં જઇશ ઇન્દ્ર રહ્યા છે બેશી. ગોરી.

દમ— ૩૪

દાશી જો નિહાળ ચાલ્યો પ્રાણાધારરે;
વિરહ લાય, નહિ સેવાય, જીવ જાય;
નાંખી પ્રેમ જાળરે. દાસી.
પ્રીતમ પ્રીત, લાગી ખચીત, ચોરે ચીત;
જોબન વીતિ જાયરે. દાસી.

દમ-તાળ— ૩૫

જાઓ જાઓ ન પીયુજી પ્યારા જોબન રસ આ શીદ ખુવો;
ભોળાને ભરમાવીને બાળા પ્રેમની જાળમાં ઠીક ગુંથો.
એતો કેહેવાની જાળ, એજ કાળ;
તન મન દઇને પ્રીતિ કરે એ જગમાં પ્રેમી જણાય ખરો.
પારધી જાળે આ પંખી ભરાયો છુટે મરે શું કરે બિચારો;
પ્રેમની જાળમાં સૌનો વારો, આજ પંખી તો કાલ પારધી;
પ્રેમ રૂપી આ બાગની માંહિ વિષય તણી બહુ ખીલી વેલ,
વિષ તમારે તો મન રામા હું સમજું અમી વેલ રેલ.
ચાલો ચાલો હવેતો રીઝાવ્યા કેમ ઝુરો મોહની જાળે કેમ મનાવો.
પ્રીતમ પ્રેમ તરૂણી બાગની માંહી, પારધી સંગે રંગ રમો.

દમ-નળ— ૩૬

રહીઆળા રઢના કીજેરે, લજ્જા ધરછું;
પાતળીયા પત-ના ખોશોરે,
વાહ શાણી (૨) શું સમજાવી મનાવીને ભરમાવી. રહી.
ઝલકારામાં પ્રીતિ રીતિ જાણો મોહન રાજ,
એક આંખના અણુસારામાં ચતુર બતાવે કાજ; રહી.
યોગી જોગી આ મમતા જગમાં જુવતી આગળ ભૂલે ભાન;
થોડું કહ્યું પણ ઝાઝું માની હવે ન ખાશો માન. રહી.

૩૭

અરરર સ્વામીરે ક્રૂર શું થયા, અર્ધ દર્શથી આપી આપદા,
વિરહ આગથી દીલ બહુ દમે, કરગરી કહું આવોને તમે;
તમ વિના ખરે ચિતડું ભમે, ખાન પાન સૌ કાંઇ ના ગમે.
પ્રેમ નેમમાં વજ્ર શું થયા, કોમળ હૃદયમાં આવી ના દયા;
સુખ રૂપી સૌ સાધનો ગયા, દીવસ માહરા દુઃખ ના ગયા.

શાહેલીઓ— ૩૮

રચ્યો શુભ સ્વયંવર આજ, ભીમક મહારાજ, કરે શુભ કાજ;
અવસર રૂડો આજનો; રચ્યો.
મળ્યા જમાત્ર રૂડા નળ રાય, હર્ષ ઉભરાય, માતુની મંગળ ગાય;
આજે આનંદમાં; રચ્યો.
ઉમા પરણી અમ લાળી, લીધી હેને તાળી, ઠરી આંખ આળી,
રહો અખંડ શોભાગ્ય સદા એમ જો. રચ્યો.

વારાંગનાઓ— ૩૯

ખટ ખટ નાંખે મોહની આરામ, ચાલી, ચાલી,
સુરતસેં દીલ લલચાવે. ખટ ખટ.
એક તો સતાવે બાલી ઉમરીઆં,
દુજે સતાવે જોબનવા રામ. ખટ ખટ.
ત્રીજે સતાવે તોરી સુરત કે લટકે;
ચીત હમારો ન છીનો દીલ જાન. ખટ ખટ.

દમ. સાહેબ— ૪૦

સખી ક્યાંથી પધાર્યા મહારાજ,
કમળ વદન, મોહન મદન, દુખદ દોહન, સુખદ સોહન;
ચીત ચોરી જાય. સખી.
પંકજ વદની બાળી તરૂણી, ખીલ્યું ચંપક આજ ખરે;
વૃક્ષ ખીલેલું ભાળી સ્વામી વેલી હું પણ ખીલી ખરે.
પ્રેમ પાસથી બાંધી બાળા મદન બાણ તું શીદ સાધે;
કેદી બનાવી સ્નેહ રાજ્યમાં શીક્ષા કરવાનું આધે.
હવે ન મુકું મોહન મારા, કૃપા કરીને નામ કહો;
રોકોછો, રોકોછો, રોકોછો, શાને શાણી.

૪૧

જા સખી તું વેગે વેલી લાવ પુષ્પ હાર,
પતિ કંઠે આરોપવા હું ધારૂછું પ્યાર;
સુંદર હારે છે ચંપો કેતકી અપાર.
વાસ કે સુવાસ તેની લીયે, પ્રાણાધાર,

પછી પુષ્પ સેજમાં હું મહાલું પતિ સંગ;
જોબન જોરમાં લાગે અતિશે અનંગ.

દમ. નળ.— ૪૨

પ્યારા પાન ગ્રહણુ કરો પ્રીતે (૨) પ્રીતે સ્નેહ રીતે, પ્યારા.
આલીંગન લેતાં સરમાવો, શીદને ખોટી શંકા ખાઓ;
થઈ ચુકીછું સ્વામી તણી હું પ્રીતે. પ્યારા.
વૃક્ષ વિના આ નાજુક વેલી, ઝુરી ઝુરીને દીસે મુએલી;
ખીલાવશો સ્વામી હવે પ્રીતે પ્યારા.
હવે ન જાશો સ્વામી મુકી, જોબનની લહેરો રહી ઝુકી;
"શરરર છુટે મદન તણી શેરો. પ્યારા.

નળ— ૪૩

દીસે ઉદાસી આ કંથ વીણુ બાળા;
સહન કરે શી રીતે વિયોગ વિરહ જવાળા;
હાં હાં હાં બાગે ચીત જવાળા. દીસે.
સરોવર કેરા નિરમાં, ખીલ્યું કમળનું વૃંદ,
મુજને કેદી ખીલાવશો પ્યારા પ્રાણુજીવન;
સુઝે નહી કાંઇ મરૂં હું મુઝાઇ.
જાય છે આરે વદન કરમાઇ. ઉદાસી.
જોબનપુર ઝુકી રહ્યું, ઉપર નહિ અસવાર;
સુકી મધુકર કયાં ગયો, અંકુરનો દેનાર. ઉદાસી.

નળ— ૪૪

કરી ચંદન લેપન અંગે, લલાટે શશિ ધરન્તી;
ધરી અરધી લજ્જા હાવ ભાવે રસીકને રીઝન્તી.
પ્રેમે ચાલી ચકોરી રીઝાવા રીશાયેલા પતિ ચંદ્રને;
ખરે તેમજ આવી લલીત લલના મનાવા મને.

૪૫

નળ—સ્નેહે તું નિહાળ કાંઇ મધુરી માલતિ;
ભમરી ભમર આ ભમે છે તેની શી ગતિ. સ્નેહે.
ભટકી ફટકી ભમર મરે આશ પૂર્ણ કર રતિ;
અધરામૃતે શાન્ત કરી, મદન દુર કર અતિ. સ્નેહે.
લલીત વદન વેલ સમાન વિધુત માળા તું બની,
કમળા કરમાં રમતાં રંગ, લહર શી અનિલની. સ્નેહે.

૪૬

નળ—એક અજબ ચીજ છે નારી પ્યારી, નારી, મનોહારી, સુખકારી;
દીસે ભારી, છબી તારી, જાઉં વારી. એક.
ચીત્ત ધારી, મતિ મારી, ગઇ હારી;
રહી નવ યોવન એ ધારી, ધારી. એક.

નળ. દ.— ૪૭

હવે વહી પ્રીયા સ્નેહની ધારા, ન્યુન નહિ કાંઇ ભાગ્યમાં મારા.
મોહન મારા રેશો ન ન્યારા જોબન વેલને પીયુ છો કયારા.
મન ધાર્યા હુંતો સ્વામીરે
ચંદ્ર ચકોરની પ્રીતી આ જામી;

ઇશ કૃપાએ સૌ દુઃખ વામી,
મળી રસીલી, છેલ છબીલી.
જોબન વેલી ખીલી રહેલી.
આનંદ ધારા સીંચી રહેલી, પ્રીત કરી લોને ભરી.
ચંપક વરણી કાયા છે કેવી, સ્વામીને દેશો વિસારી એવી.
શીદ લજવાયો તું બની પ્રીયા. હર્ષે

૪૮

૬,—જોબનગાં રસીલા ઝુલો, ઝુલો, ઝુલો;
પ્રેમ હીંડોળે શું, ઝુલો, ઝુલો, ઝુલો. જોબ.
જોબન વેલી આ સુકી પડેની,
આલીંગન જળેથી બનશે ખીલેલી; જોબ.
પ્રીત પેટી હાવ ભાવે જડાવી,
પ્રીતમ પ્રેમની કુંચી લગાવી;
રંગીલા રહોજી, રસીલા રહોજી, છબીલા રહોજી રહો/ જોબ.

જોગીઓ— ૪૯

અમે જગના જોગી. હૈયામાં રેવાના ભોગી;
કંઠે માળા હાથમાં માળા, અંતર મોટા લાળા. અમે.
ટીલાં ટપકાં તાણીને ફરીએ, મળે જો કોઇ બાળા;
પ્રેમની છે સમાધીને જુવતીના જપીએ જાપ. અમે.
અંતરમાં તો સર્વે જાણીએ, કેમ ધોવાશે પાપ;
(અખો કહેશું ઉતરે પારશીશ ગર્ધવને ગુરૂ કુંભાર.) અમે.

વારાંગનાં ૫૦

સખી કેવા આરે શોભે નળરાય,
લઇએ ઓવારણાં કરીએ મના મણાં. સખી.
વારી, વારી, જઇએ મહારાજપર આજ;
આજે આનંદમાં ગાસો સૌ સંગમાં. સખી.
નાચોર્યા, રાચોર્યા, માચોર્યા,
છોમ, છોમ, છોમ, અરૂછોમ, સનનનન,
રાખે પ્રભુજી અમારી આજ લાજ. સખી.

૫૧

સર્વ—આવ્યા શરણે પ્રભુ તારી અમે.
આ સર્વ રટે છે નામ તમારૂ; નાથ નીરંજન તારો.
ટાળો તાપ, કાપો પાપ, આપો આપ વિભુ હે. આવ્યો.
ધરી અંતરમાં હામ, વિભુ આવ્યો તમ ઠામ;
રટુ નીશદીન નામ, પ્રભુ મુકિત તણુ ધામ.
અજર; અમર, ભકત વત્સલ દીન દયાળ;
વિન્તી ધાર, હૃદય ઉધાર.
શરણે આવ્યો ટાળો આપદને. આવ્યો.

સમાપ્ત.

આ ચોપડીમાં અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનારાઓના નામ.

૧૦૦ ગીરજાશંકર ગણુપત	૧ નારણુ ભીમજી
૧ જમેતરાંમ કૃષ્ણુરાંમ	૧ વિઠલદાસ પરસોતમદાસ
૧ તાપીશંકર મગનલાલ	૧ મંગળદાસ લલુભાઈ
૧ બાપુલાલ છોટાલાલ	૧ પીતાંમ્બર ઘેલાભાઈ
૧ છોટાલાલ જેચંદ	૧ તૃભોવન ઘેલાભાઈ
૧ ઇશ્વર ઘેલાભાઈ	૧ મોહનલાલ જુગલદાસ
૧ મણીલાલ જેઠાલાલ	૧ વાડીલાલ બાળાશંકર
૧ જુગલદાસ દલસુખ	૧ દલપત ગીરધર
૧ મણીલાલ મોતીલાલ	૧ કાળીદાસ રણછોડ
૧ વ્રજલાલ વલ્લભદાસ	૧ મગનલાલ છગનલાલ
૧ નારાયણુ મોતીલાલ	૧ બલાખીદાસ કુબેર
૧ કેસવલાલ છગનલાલ	૧ ડાહ્યા ગોપાળદાસ
૧ હાસમ દાઉદ	૧ કડીયા, ચુનીલાલ કસનદાસ
૧ કુચરા કડીયા	૧ ગોપાળ જગંનાથ
૧ બળદેવ રૂપસંકર	૧ હિમતલાલ બાપુલાલ
૧ હિમતરાંમ જીભાઈ	૧ પરસોતમ મોહનલાલ
૧ ઓછવલાલ ઉજમલાલ	૧ સંકરભાઈ બળદેવ
૧ લાલસંકર કેસવલાલ	૧ નાનાલાલ લક્ષ્મીશંકર
૧ ફુલચંદ ગોપાળજી	૧ ચમન ચુનીલાલ

૧ માણુશીંગ નારાયણજી
૧ ગોવીંદ ચકુભાઇ
૧ સોમનાથ સાંકળેશ્વર
૧ ગોકળદાસ ભવાનીશંકર
૧ દલસુખ રણછોડ
૧ વતીયા રણછોડ
૧ અમથા નાથાભાઇ
૧ ગોપાળ હરજી
૧ સુરજમલ હઠીશીંગ
૧ મણીભાઇ રણછોડ
૧ ગંગારામ દેવરામ
૧ લાલા બાપુજી
૧ દામોદર ફતેહચંદ
૧ મુળા પરભુરામ
૧ કેવળ કુબેર
૧ બડાપીયાં તાજેદીન
૧ ડાહ્યાભાઇ લલુભાઇ
૧ ફલ મયાશંકર
૧ મણીલાલ નરભેરામ
૧ સાંકળેશ્વર લલુ
૧ મણીલાલ મગનલાલ
૧ બાપાલાલ હિમતલાલ

૧ નારાયણ નરસીલાલ
૧ દલસુખ છગન
૧ સંકરલાલ જેઠાલાલ
૧ અંબાશંકર ઈશ્વર
૧ જીવણ જમનાશંકર
૧ કાળીદાસ જીવરામ
૧ સાંમળ સુખલાલ
૧ અમરતલાલ ઘેલાભાઈ
૧ ચકાજી બાપુજી
૧ ગણપત ભવાનાશંકર
૧ અમથા ત્રીભોવન
૧ ડાહ્યા મોતીલાલ
૧ ત્રીભોવન નરસીદાસ
૧ ચીમન લલુભાઇ
૧ ચમનલાલ મોતીલાલ
૧ છગનલાલ અમરતલાલ
૧ રામકૃષ્ણ કાનજી
૧ ભીખા ગોવિંદરામ
૧ કૃપારામ બેહેચરભાઇ
૧ નારાયણ મોતીલાલ
૧ ગુલામરસુલ સામદભાઇ
૧ પ્રાણશંકર કેસવલાલ

૧ ભાઇલાલ ખુશાખી
૧ છગનલાલ મોતીલાલ
૧ મણીલાલ છોટાલાલ
૧ ગોકળદાસ હંશરાજ
૧ ચમન ગીરધર
૧ ગણુપત મોતીલાલ
૧ વજેસંગ જેઇતારામ

૧ ચમનલાલ છોટાલાલ
૧ ગોકળદાસ દયાશંકર
૧ મોતીલાલ છગનલાલ
૧ મંગળદાસ દામોદર
૧ હિમત કાળીદાસ
૧ હિરાલાલ મણીલાલ

જાહેર ખબર

વાંચો વાંચો વાંચો

ખીલેલું ફુલ કરમાય છે, જોબન જાય છે, વખત વિતે છે.

પ્રીય સ્વદેશી બંધુઓ,

આપને અમારી તરફથી વીનંતિ કરવામાં આવે છે કે અમારી તરફથી નળ દમયંતીનું પુસ્તક વારતા રૂપે બહાર પાડવાની મરજી છે તો જે ભાઇઓને ખરીદ કરવા મરજી હોય તેઓએ નીચેના શરનામે પોતાનું નામ ઠામ ઠેકાણું સુદ્ધાંત લખી મોકલવું.

આ પુસ્તકની અંદર એવી બીના જણાવેલી છે કે તે સ્ત્રી અને પુરૂષને સંસારીક અનેક સુખરૂપી સાધન થઇ પડે. કહેવત છે કે વખાણેલી ખીચડી દાંતે વળગે માટે અમે વખાણ કરીએ એ યોગ નથી. પણ સર્વ મનુષ્યને નવરાશની વેળા ગપ્પાં મારીને કે નાટકની ચોપડીઓ વાંચી સદગુણ તરફ ન જતાં દુર્ગુણ તરફ દોરી જાય તેવી ચોપડીઓ ન વાંચતાં આવી જ્ઞાનની ચોપડીઓ વાંચવી એ યોગ્ય છે કે જેથી હીરા રૂપી બુદ્ધી આપણી મનરૂપી ખાણમાંથી દટાયલી છે તે પાછી ખીલી આવે. કારણ કે જીંદગીનું સર્વ સુખ જેને આધારે રહેલું છે.

પાઠક કીરપાશંકર કાશીરામ

મુ. અમદાવાદ ચંપોળ